## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'સત્તા'ના સ્વાર્થે બંધાયા'તા સંબંધ તૂટી ગયો !*
*લોભથી ખેંચ્યો ચર્ચા-દોર, વિશ્વાસ ખૂટી ગયો !*
*દેવ ઉઠી ગ્યા ને સત્તાનો ચાતુર્માસ પૂરો -*
*બંને પક્ષે 'હિંદુત્વ'નો પરપોટો ફૂટી ગયો ?!*

**હાઈકુ**

*હે ઉદ્ધવજી!*
*લ્યો, કે ધો ટેકા વિના -*
*ઉદ્ધાર નથી...*

*ને કેન્દ્ર ને તો -*
*ખપે છે જ એટલું -*
*લાદો શાસન...!!*

### ચિંતન

*તદા મુક્તિઃ યદા ચિત્તં ન વાંછતિ ન શોચતિ ।*
*ન મુંચતિ ન ગૃહણાતિ ન હૃષ્યતિ ન કુપ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જયારે ચિત્ત કાંઈ ઈચ્છતું નથી, શોક કરતું નથી, ત્યાગ કરતું નથી કે સ્વીકાર કરતું નથી, ત્યારે મુક્તિ જ છે.

ચિત્ત કાંઈ ઈચ્છે, શોક કરે, છોડે કે સ્વીકારે, હર્ષ પામે કે ક્રોધ કરે, ત્યારે બંધન છે. આ શ્લોકમાં નકારાત્મક રીતે કહ્યું કે જયાં એ કાંઈ નથી, ત્યાં મોક્ષ જ છે. મોક્ષ કયાંક બહાર નથી. એ કોઈ ચીજ નથી કે પ્રદેશ નથી. ચિત્તની અત્યંત શાત, નિર્વિચાર, સમ અવસ્થા એટલે જ મોક્ષ! ચિત્તમાં વિક્ષોભ થાય, ખળખળાટ મચે એ બંધન, એ જ સંસાર. સાક્ષીભાવને અને શરણાગતિના ભાવને એક પંક્તિમાં સરળ રીતે કહ્યું છે કે 'ચિત્ત તું શીદ ને ચિંતા કરે, હરિ ને કરવું હોય તે કરે !'

કોઈ પણ ઈચ્છા - અપેક્ષા વિનાનું સુખ-દુઃખ-પીડા અને મોહ-માયા-મમતા વિનાનું જીવન એ 'મુક્તિ' જ છે.

### સુવિચાર

- નિઃસ્વાર્થતા વધુ લાભદાયક છે, પરંતુ તેનું આચરણ કરવા જેટલું ધૈર્ય લોકોમાં હોતું નથી - **સ્વામી વિવેકાનંદ**
- ખુદાની શોધ કરે છે પણ તને કયાંય નથી મળતો, કંઈ છે કયાંક તારી ઈબાદત અને પ્રાર્થનામાં એટલે ખુદાને તું મળે છે તું ખુદાને નથી મળતો - **શેખાદમ આબુવાલા**
- ઈશ્વર પોતાનું રહસ્ય કાયરોને નથી જણાવતો - **ઈમર્સન**
- જયાં આત્માને ઉપર લઈ જવાનો અવસર હોય ત્યાં લોકલાજ ન રાખવી જોઈએ - **મુંબઈ સમાચાર**
- કેમ કરીને રહી શકાય ફુટપટ્ટીમાં ? ઈચ્છાઓ તો હંમેશા માપ બારની હોય છે - **મહેન્દ્ર દલાલ**
- શિષ્યના જ્ઞાન પર ફક્ત સહી કરવાનું કામ જ ગુરુનું છે, બાકી બધો આધાર શિષ્ય પર છે - **વિનોબા**
- આજનું ઔષધ : જવખાર, સાજી ખાર અને સંચળ ત્રણે સરખા ભાગે લેવા આ ચૂર્ણમાંથી ૨ ગ્રામ ચૂર્ણ પાણી સાથે સવારે ખાલી પેટે લેવાથી બરોળના રોગમાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિકંદરની ઉંમર માંડ ૧૨-૧૩ વર્ષની હશે. ત્યારે એમના પિતા ફિલિપને એમના એક મિત્રએ એક જંગલી ઘોડો ભેટમાં આપ્યો હતો. આ જંગલી ઘોડો કોઈને પોતાની પીઠ પર સવાર થવા દેતો ન હતો. ભલભલા અશ્વનિષ્ણાંતોને એ પળવારમાં ભોંય ભેગા કરી નાખતો. છેવટે કિશોરવયના સિકંદરે એ ઘોડા પર સવારી કરવાનો નિશ્ચય કર્યો. એણે સવારી કરી ખરી અને એણે ઘોડાને એટલો બધો દોડાવ્યો કે ઘોડો થાકીને કાબુમાં આવી ગયો. પિતાએ સિકંદરને શાબાદી આપતા કહ્યું, 'આપણા ચૂનંદા સવારો કંઈ ન કરી શક્યા જે તે આજે કરી બતાવ્યું, આવું કેવી રીતે કર્યુ ?' સિકંદરે જવાબમાં કહ્યું, 'પિતાજી, મેં આ ઘોડાનું સવારથી સાંજ નિરીક્ષણ કર્યું અને જોયું કે આ ઘોડો પોતાના પડછાયાથી ભડકતો હતો. એટલે મેં એનું મોઢું સૂરજ તરફ ફેરવી નાખ્યું. એને પડછાયો દેખાવાનું બંધ થયું એટલે એનું ભડકવાનું ચાલ્યું ગયું. પછી હિંમતથી એના પર બેસી ગયો અને લગામ મારા હાથમાં આવી એટલે એ જાય તો કયાં જાય?' પિતા પોતાના આ નાનીવયના પુત્રની હિંમત, બુદ્ધિ, સમજશક્તિ, વિશ્વાસ અને સાહસ ઉપર ખુબ ખુશ થયા. એમણે કહ્યું, 'મને તારા પિતા હોવાનો ગર્વ છે. ભવિષ્યમાં તું પરાક્રમી થઈશ એવી મને ખાતરી છે.' જો આપણે પણ સૂર્યની સામે ધસીએ તો આપણા પડછાયા પાછળ રહી જાય. મોઢું સફળતાના સૂરજ તરફ રાખતા અને પરાજયના પડછાયાને પોતાની પાછળ રાખીને આગળ વધીએ.

# રાષ્ટ્રપતિ શાસન તરફ મહારાષ્ટ્ર

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્ર દેશનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ રાજય છે. દેશની આર્થિક રાજધાની મુંબઈ મહારાષ્ટ્રનીય રાજધાની છે. કયારેક કોંગ્રેસનો ગઢ ગણાતા મહારાષ્ટ્રમાં 'મરાઠી માણૂસ' અને હિંદુત્વની વિચારધારા સાથે પત્રકારમાંથી પોલિટિશનય બનેલા સ્વ. બાળાસાહેબ ઠાકરેએ એ ગઢ તોડવાનો પ્રારંભ કરેલો અને પાછળથી એના વિરોધમાં મજબૂત મરાઠા નેતા શરદ પવારે કોંગ્રેસમાંથી બળવો કરી રાષ્ટ્રવાદી કોંગ્રેસની સ્થાપના કરીને કોંગ્રેસની મજબૂત પકડને ઢીલી કરી નાખી હતી. આમ રાષ્ટ્રીય સ્તરે હિંદુત્વ અને રાષ્ટ્રવાદની વિચારધારા સાથે કાર્યરત ભારતીય જનતા પાર્ટીને મહારાષ્ટ્રમાં બાળાસાહેબની આંગળી પકડીને પ્રવેશ મેળવવો પડેલો તે ઈતિહાસ નવા મતદાતાઓ ભલે ન જાણતા હોય પણ તજજ્ઞો તો જાણે છે. તદનુસાર ભાજપ અને શિવસેના બેઉ એક જ માળાના મણકા હોઈ રાષ્ટ્રીય સ્તરે નેશનલ ડેમોક્રિટેક અલાયંસના ભાગીદાર પક્ષો હતા. શિવસેનાના પ્રખર આગેવાન અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી મનોહર જોષી બિનકોંગ્રેસી શાસનકાળમાં લોકસભાના સ્પીકર તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં પ્રશ્ન 'મોટું કોણ' નો રહેતો આવ્યો છે. અગાઉ ભાજપે સામે ચાલીને બાળાસાહેબને મોટાભાઈ તરીકે સ્વીકાર્યા હતા પરંતુ એમના અવસાન પછી એમની પાર્ટીને ભાજપે બીજા ક્રમે ખસેડી દઈ પોતાની શ્રેષ્ઠતા અને લોકપ્રિયતા સિદ્ધ કરી છે. આથી સ્વાભાવિક રીતે જ પ્રાદેશિક પાર્ટી તરીકે શિવસેના દિનપ્રતિદિન ક્ષીણ થતી રહી છે, જેનો ધૂંધવાટ વારંવાર 'સામના' ના તંત્રી લેખોમાં અને શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેનાં નિવેદનોમાં દૃષ્ટિગોચર થતો રહ્યો છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં બેઉ પાર્ટીઓ વચ્ચે સીટોની વહેંચણી મુદ્દે સમાધાન થયું હતું અને સત્તામાં ભાગીદારી બાબતે પણ ચર્ચા થઈ હોવાનું શિવસેનાના પ્રવક્તા તથા પ્રમુખ વારંવાર કહી ચૂક્યા છે. સત્તાની અઢી અઢી વર્ષની ભાગીદારી મુદ્દે નિવૃત્ત મુખ્યમંત્રી ફડણવીસ સહમત ન થયા એથી શિવસેનાએ એની પ્રકૃતિ મુજબ લડાયક અભિગમ અપનાવ્યો છે. ભાજપને કોઈ પણ સંજોગોમાં સત્તા પર નહીં આવવા દેવાનો દૃઢ નિશ્ચય સાથે શિવસેનાએ શરદ પવારની એનસીપી તથા તેમની ભલામણથી કોંગ્રેસને ટેકો મેળવી લીધો છે. પરંતુ રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ ભાજપ પછી શિવસેનાને આમંત્રણ આપી બહુ જ ઓછા સમયમાં ટેકેદાર ધારાસભ્યોનાં માથાં ગણાવવાનો આગ્રહ રાખતાં શિવસેના મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. કોંગ્રેસના ટેકાનો પત્ર મળ્યો પણ સમયસર નહીં. આથી રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ ત્રીજા નંબરની પાર્ટી એનસીપીને સરકાર રચવા આમંત્રણ આપી દઈ શિવસેના-એનસીપી-કોંગ્રેસની વ્યૂહરચના ખોરવી નાખી છે. જો ઈમાનદારીપૂર્વક ત્રણે પાર્ટીઓને થોડો વધુ સમય આપ્યો હોત તો તેઓ બહુમતી સિદ્ધ કરી શકે એમ હતા અને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં એનસીપીના નાયબ મુખ્યમંત્રી તથા કોંગ્રેસના સ્પીકરવાળી સરકાર રચી શકાય એમ હતી. વિપક્ષો માટે એનડીએ અને ભાજપના સુવાંગ વર્ચસ્વને પડકારી સરકાર બનાવાની આ સોનેરી તક હતી. કેન્દ્રીય નેતાગીરી આવું થવા દે એમ નથી. શિવસેના માટે મહારાષ્ટ્રમાં સત્તારૂઢ થવાનો મોકો હતો, જે ભાજપ કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકે એમ નથી. આથી સંભાવના થોડાક મહિનાઓ પૂરતું રાષ્ટ્રપતિશાસનની વરતાઈ રહી છે. દરમિયાન ઘોડાઓનું લે-વેચનું બજાર ખૂલશે અને ઘીના ઠામમાં ઘી પડ્યું રહેશે.

# બાળકોની બહાદુરીની આખો દેશ સલામ કરે છે...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

છેવટે અયોધ્યામાં રામમંદિરના કોયડાનો વર્ષો બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા ઉકેલ આવી ગયો છે.

દિલ્હીના રામલીલા મેદાન ખાતે દર વર્ષે રામલીલાનો કાર્યક્રમ યોજાય છે. જે વર્ષો જૂની પરંપરા છે. પરંતુ તેમાં ૨ ઓકટોબર, ૧૯૫૭ના દિવસે એક ઘટના બની ગયેલ.

રામલીલા મેદાનમાં મોટો સમણિણો બાંધવામાં આવેલો હતો. ભરચક જનમેદની ઉપસ્થિત હતી. રાજધાનીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે તે સમયના દેશના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પધાર્યા હતા. કાર્યક્રમ રાબેતા મુજબ ચાલી રહ્યો હતો. ત્યાં અચાનક અકસ્માત રૂપ આગ લાગી. આગની જવાળાઓ લપકારા લેવા લાગી. જનમેદનીમાં ભાગંભાગ થઈ ગઈ. લોકો જીવ બચાવવા આમતેમ ભાગવા લાગ્યા.

સ્કાઉટના વિદ્યારથીઓ આ મંડળમાં આગલી હરોળમાં બેઠા હતા. તેમાં ચૌદ વર્ષનો એક છોકરો હરિશ્ચંદ્ર પણ હતો. તે જરાય ગભરાયો નહીં. જોત જોતામાં તે મંડપના સળગતા વાંસ પર ચડી ગયો અને સ્કાઉટ ચાકુવડે મંડપની દોરી કાપીને સળગતા ભાગને દૂર હટાવી દીધો. તેમજ મુખ્ય અતિથિને સુરક્ષિત જગ્યાએ પહોંચાડ્યા.

૧૪ નવેમ્બર જેમનો જન્મદિવસ બાળદિન તરીકે ઉજવાય છે તે બાળકોના પ્યારા નહેરુ ચાચા ખુદ આ બાળકની તત્પરતાને જોઈ રહ્યા. તેઓએ બાળકને પોતાની પાસે બોલાયો અને પુછ્યું, 'જયારે આ સળગતી અગ્નિ જવાળાઓમાં સૌ કોઈ પોતાનો જીવ બચાવવા આમ તેમ ભાગતા હતા ત્યારે તું ખૂબ જ ધીરકપૂર્વક બીજાનો જીવ બચાવવા પ્રયાસ કરતો હતે તેનું શું કારણ ?'

હરિશ્ચંદ્ર કહ્યું કે, 'મને બીજાની સેવા કરવાનું ગમે છે.'

પંડિત નહેરુજીએ વિચાર્યું કે દેશમાં બીજી ઘણી જગ્યાઓએ બાળકો આવાં સાહસભર્યા કામો કરતાં હશે જ. એ બધી ઘટનાઓ ધરબાયેલી રહી જાય છે. તો કેમ આપણે એવી સાચી ઘટનાઓનો લોકોની સામે ન લાવીએ. અને એવા જાંબાઝ બહાદુરોનું સનમાન કરીએ.

ચાચા નહેરુએ હરિશ્ચંદ્ર મહેરાને તેમના તત્કાલીન વડાપ્રધાન નિવાસ સ્થાન તીનમૂર્તિ ભવનમાં બોલાવી સન્માન કર્યું અને જાહેરાત કરી કે જે બાળકો પોતાના જીવની પરવા કર્યા વિના બીજાનો જીવ બચાવવાનું અનુકરણીણ સાહસ કરે છે તેમને દર વર્ષે દેશમાં રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરાશે.

આ રીતે રાષ્ટ્રીય વીરતા પુરસ્કારની શરુઆત થઈ. આ પુરસ્કાર માટેની પસંદગી ભારતીય બાલ કલ્યાણ પરિષદ નવી દિલ્હી દ્વારા થઈ.

દર વર્ષે એક જુલાઈથી ૩૦ જૂન વચ્છે ૭ વર્ષની ઉપરના અને અઢાર વર્ષની નીચેના વયના બાળકો જે પોતાના જીવની પરવા કર્યા વિના બીજાનો જીવો બચાવવાનું કાર્ય કરે છે. તેમના માટે આવેદન કરી શકાય છે. દરેક રાજયમાં ભારતીય બાળ કલ્યાણ પરિષદની રાજય શાખાઓ આવેલ છે. તેમના દ્વારા નવી દિલ્હી ખાતે ઘટનાની વિગતો મોકલાય છે.

રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર (નેશનલ બ્રેવરી એવોર્ડ) હાલમાં પાંચ કેટેગરીમાં આપવામાં આવે છે. (૧) ભરત એવોર્ડ (૨) ગીતા ચોપડા એવોર્ડ (૩) સંજય ચોપડા એવોર્ડ (૪) બાપુ ગ્યાધની એવોર્ડ અને (૫) જનરલ એવોર્ડ. જેમાં મેડલ, પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર અને આ બાળકોને શાળાકીય અભ્યાસ માટે સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.

રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર પ્રાપ્ત કરનાર બાળકોને દેશના વડાપ્રધાન સ્વયં પોતાના હસ્તે પુરસ્કાર પ્રદાન કરે છે. અને પ્રજાસત્તાક દિવસે રાજપથ પર નિકળતી ઝાંકીમાં ઝૂમતાં હાથીની સવારી પણ નીકળતાં બાળકોની બહાદુરીની આખો દેશ સલામ કરે છે.

# કેટલાક સંબંધોની સપાટી લલચામણી અને લપસણી પણ હોય છે



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ભારતીય સિનેમા ઉદ્યોગના ઘરેણાં કહી શકાય એવા ઘણા ફિલ્મ સ્ટુડિઓ અને ફિલ્મ નિર્માણ કંપનીઓ. એવા જ ઘરેણાં જેવા કેટલાક ફિલ્મ સ્ટુડીઓ અને ફિલ્મ નિર્માણ કંપનીઓમાંનું એક ઘરેણું એટલે ફિલ્મીસ્તાન સ્ટુડિયો. ફિલ્મ ઉદ્યોગનું વિતેલા જમાનાનું એક ગૌરવભર્યું નામ એટલે ફિલ્મીસ્તાન સ્ટુડીઓ. શશીધર મુખરજી, રાય બહાદૂર ચુનીલાલ, અશોક કુમાર અને જ્ઞાન મુખરજીએ બોમ્બે ટોકિઝ સાથે પોતાનો છેડો ફાડીને સન. ૧૯૪૭માં ફિલ્મીસ્તાનની સ્થાપના કરી હતી. ત્યાર પછી એ સ્ટુડિયો સન. ૧૯૫૦માં તોલરામ જાલને ખરીદી લીધો હતો. ફિલ્મીસ્તાનના બેનર હેઠળ સન. ૧૯૬૫ સુધીમાં તેંત્રીસ જેટલી ફિલ્મોનું નિર્માણ થયું હતું અને ફિલ્મીસ્થાને મોટું કાઠું કાઢ્યું હતું. ફિલ્મીસ્થાને નિર્માણ કરેલી મટોભાગની ફિલ્મો સફળ રહી હતી.




તોલરામ જાલને ફિલ્મીસ્તાનનો હવાલો સાંભળ્યો ત્યારે ફિલ્મ ઉદ્યોગમાં સંગીત દિગ્દર્શક તરીકે નૌશાદજીએ પોતાનું એક વિશ્વાસનીય અને મજબૂત સ્થાન જમાવી દીધું હતું. નૌશાદજી વિષે એમ પણ કહી શકાય કે એ સમયે સંગીત દિગ્દર્શક તરીકે તેમના નામનો સિક્કો પડતો. તેમના નામે ફિલ્મો વેચાતી અને તેમના દ્વારા સ્વરબધ્ધ થયેલા ગીતો ધૂમ મચાવતા. ફિલ્મ દિગ્દર્શકો તેમના સંગીત માટે તલપાપડ થતાં અને પાર્શ્વ ગાયકો તેમની સાથે કામ કરવામાં ગૌરવ અનુભવતા. નૌશાદજીએ પોતાનું આ સ્થાન ઘણો લાંબા સમય સુધી ટકાવી રાખ્યું હતું અને તેને વધારે મજબૂત પણ કર્યું હતું.

ફિલ્મીસ્તાનના સર્વેસર્વા એવા તોલરામ જાલને એક દિવસ નૌશાદજીને વ્યવસાયલક્ષી વાતચીત કરવા માટે પોતાના ઘેર પધારવા નિમંત્રણ આપ્યું. નિમંત્રણનો સ્વીકાર કરીને નૌશાદજી તોલરામને ઘેર ગયા. તોલારામે ખૂબ જ સન્માનપૂર્વક તેમનું સ્વાગત કર્યું અને વ્યવસાયની એક મહત્વની વાત ઉપર આવ્યા.

તોલરામે પ્રસ્તાવના બાંધતા પોતાના વિષે કહ્યું કે આજે પોતે ધારે તો હિન્દી ફિલ્મ ઉદ્યોગમાંથી ગમે એટલા ઊંચા દામ આપીને કંઈ પણ ખરીદી શકે એટલા પોતે સક્ષમ છે. નૌશાદજી તોલારામની એ વાતનો અસ્વીકાર કરી શકે એમ ન હતા કારણ કે તોલરામ એ માટે સક્ષમ હતા.

એ સમયે ફિલ્મ નિર્માણ કંપનીઓ સાથે કાયમી રીતે સંકળાયેલા કલાકારોને વેતન રૂપે માસિક પગાર આપવાનો પણ રિવાજ હતો. તોલારામે પોતાની ચેકબૂકમાંથી એક ચેક ફાડયો, તેના ઉપર સહી કરી અને રકમ લખ્યા વિના ચેક નૌશાદજી સામે ધર્યો. તોલરામે નૌશાદજીને કહ્યું કે આ ચેકમાં તમારી ઈચ્છા મુજબની રકમ ભરી શકો છે. આપ જે રકમ લખશો એટલી રકમ ફિલ્મીસ્તાન તરફથી દર મહિને આપને પગાર રૂપે ચૂકવવામાં આવશે. દર મહિને પગારની રકમ ચૂકવાશે એનો અર્થ એ નહીં કે તમારે સતત કાર્યરત રહેવું પડશે. ફિલ્મીસ્તાન નિર્મિત ફિલ્મ ફ્લોર ઉપર હોય કે ના હોય, નૌશાદજીનું કામ હોય કે ના હોય, નિશ્ચિત કરેલી રકમનો માસિક પગાર મળતો રહેશે.

પોતાની ઈચ્છા મુજબની રકમ ચેકમાં ભરવાનો તોલારામનો પ્રસ્તાવ સાંભળીને નૌશાદજીને આશ્ચર્ય થયું. નૌશાદજી તોલારામના પ્રસ્તાવ ઉપર આગળ કઈપણ વિચારે એ પહેલા તોલારામે એક શરત મૂકતાં કહ્યું કે જયાં સુધી તમે ફિલ્મીસ્તાન સાથે બંધાયેલા રહો ત્યાં સુધી બીજી કોઈ કંપની સાથે, બીજી કોઈ જ ફિલ્મો માટે કામ નહીં કરવાનું. તમારે માત્ર અને માત્ર ફિલ્મીસ્તાન સાથે જ જોડાઈ રહેવાનુ. પોતાની અને નૌશાદની ક્ષમતા ઉપર ભાર મૂકતાં તોલારામે કહ્યું કે આપ એકવાર ફિલ્મીસ્તાન સાથે જોડાઈ જાવ, પછી જુવો આપણે બંને સાથે મળીને કેવી કમાલ કરીએ છીએ.

તોલારામનો પ્રસ્તાવ સાંભળીને નૌશાદજીને આશ્ચર્ય તો થયું જ હતું પણ તેમની શરત જાણીને નૌશાદજી સડક થઈ ગયા, અવાચક થઈ ગયા. નૌશાદજીએ પોતાની સામે પડેલા કોરા ચેકને સ્પર્શ પણ ના કર્યો. તેઓ માત્ર એટલું જ બોલ્યા કે તોલરામજી, આપ કદાચ ઘર ભૂલ્યા છો, ભૂલથી આપ કદાચ ખોટી વ્યકિત સાથે આ પ્રકારની વાત કરી રહ્યા છો. આટલું કહીને નૌશાદજી તોલારામનું ઘર છોડીને જતાં રહ્યા.

માનવીય સંબંધોનું વિશ્વ ખૂબ જ અટપટુ છે અને ચટપટુ પણ છે. કેટલાક સંબંધોની અટપટી કશ્મકશ ક્યારેક ન સમજાય એવી હોય છે. સંબંધોના આટાપાટા, ગૂંચવાડા અને ભૂલ-ભુલામણીમાં ભલભલી વ્યકિતઓ ગમે ત્યારે ગોથું ખાઈ જતી હોય છે. નવા સંબંધો બંધવાના કે સંબંધોને વિકસાવવાના ઈરાદાઓ પણ એટલા જ રહસ્યમય હોય છે કે જે શરૂઆતમાં સમજી શકાતા નથી. કેટલાક ખાસ હેતુઓ સાથે શરૂ થતાં કે વિકાસ પામતા સંબંધોનાં ઈરાદાઓ અમુક સમય પછી જ્યારે વ્યકિતને સમજાય છે ત્યાં સુધીમાં વ્યકિત સંબંધોનાં એ જાળામાં ફસાઈ ચૂકી હોય છે. ઈરાદાઓ સમજાય ત્યાં સુધીમાં એટલું મોડુ થઈ ગયું હોય છે કે વ્યક્તિ એ જાળાંમાંથી ક્યારેય બહાર નિકળી શકતી નથી.

આવા ના સમજાય એવા કેટલાક સંબંધોની સપાટી પણ ક્યારેક લપસણી હોય છે અને લલચામણી પણ હોય છે. વ્યકિત લાલચથી એ સપાટી ઉપર ચાલે, ક્યારેક દોડે અને પછી એ જ સપાટી ઉપર અચાનક લપસી પડતી હોય છે. આવું થાય પછી કાં તો તે ઊભી જ ન થઈ શકે અને નસીબજોગે જો ઊભી થઈ શકે તો કદાચ તેને ભાંગેલી કેડ સાથે જ માંડ માંડ ઊભું થવું પડતું હોય છે.

આ કિસ્સામાં નૌશાદજી પોતાની જાતને નસીબદાર માનતા હશે કારણકે તેમને સંબંધો બાંધવાના તોલારામના ઈરાદાઓ પહેલેથી જ સમજાઈ ગયા જેથી કરીને તેઓ લલચામણી અને લપસણી સપાટી ઉપર ચાલ્યા જ નહીં.

(ક્રમશઃ)

# આર્થિક વિકાસ માટે ઠોસ રણનીતિ ઝડપથી બનાવો



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

દેવઉઠી એકાદશીના પવિત્ર તહેવાર બાદ બીજા જ દિવસે દેશની સુપ્રીમ કોર્ટે અયોધ્યા રામજન્મભૂમિ બાબતે એક સંવેદનશીલ મુદ્દા પર ફેંસલો જાહેર કર્યો અને આ લાંબા સમયથી ચાલ્યા આવતા વિવાદો ઉપર પૂર્ણ વિરામ મૂકવાની જે ધગશ વ્યક્ત થઈ તે આનંદની ઘટના છે. દિલની આસ્થા, લોકોની માન્યતા ઉપરાંત તથ્યોના તત્વોને ધ્યાનમાં લઈ આ ફેંસલો જાહેર થયો છે માટે સમાજ તેને હૃદયથી સ્વીકારી લે તેમાં જ દેશનું હિત રહેલું છે. મર્યાદા પુરુષોત્તમ રામ એ ભગવાનનો અવતાર છે એ હિન્દુ વિચારધારામાં પ્રચંડ શ્રદ્ધા કે આસ્થા છે તેથી બહુધા લોકો ખુશ છે તો માનનીય વડાપ્રધાને ટ્વિટ કરીને અગાઉથી વ્યક્ત કર્યું જ હતું કે આ ફેંસલાને કોઈ હાર-જીતની દૃષ્ટિએ મૂલવવાનું નથી. સર્વ જાતિ-જ્ઞાતિથી સમાજની શાન અને શક્તિ છે તેમને કોઈ હાનિ ના પહોંચે એ જોવાની પ્રત્યેક નાગરિકની પ્રથમ ફરજ કે જવાબદારી છે! લોકો સુખી તો રાષ્ટ્ર પણ સુખી રહે એટલા માટે જ દેશની મહત્ત્વની ચિંતા આર્થિક વિષયો પર થવી જોઈએ. હાલમાં જ મૂડીઝે ભારતનું ક્રેડીટ રેટિંગ - સ્ટેબલથી ઘટાડીને નેગેટીવ કર્યું છે કેમ કે દેશના અંદાજ પત્રીય ખાદ્ય તથા દેવાનો બોજો ભયાનક થઈ રહ્યો છે!! દેશની અંદર પ્રવર્તમાન મંદી માટેના આપણા પોતાના જે કારણે છે તે આ મુજબના કહી શકાય તેમાં લક્ષ્ય આપવું જ પડશે જેમાં ગ્રામ્ય કક્ષાએ માંગ અને રોકાણમાં ગતિ લાવવા માટે બેકારી તથા ઉદાસીનતા ઉપર સરકારે સત્વરે પગલા ભરવા, જાહેર ક્ષેત્રની બેંકોની બેડલોન્સ વધે નહીં સાથે સાથે જરૂરિયાત મંદ યોગ્ય હેતુવાળા લોકો સુધી ક્રેડીટ ફ્લો લઈ જવો પડશે, શ્રમ અને જમીનની ઉત્પાકતા પરના નિયંત્રણો હટાવવા આર્થિક સુધારાઓ આગળ લઈ જવા, માથાદિટ આવક અને ઉપભોગના સ્તરને કઈ રીતે સુધારી શકાય તે દિશામાં હવે નક્કર રણનીતિ ઝડપથી કાર્યરત કરવી પડે તેમ છે.

નોન બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓની ક્રેડીટ સમસ્યાઓનો ઉકેલ લાવવા તમામ પ્રયાસો કરવાની અગ્રતા આપવી પડશે. મૂડીઝ માને છે કે ભારતનો આર્થિક વૃદ્ધિ દર



ભૂતકાળના દર કરતા ઓછો રહેસે કેમ કે દેશ ઉપર દેવું વધી રહ્યું છે. તેના પાયામાં પડતર પ્રશ્નો અને નબળાઈઓ જોવા મળ્યા છે!! ઉધાર પછીના નાણાથી સમસ્યા ટૂંકા ગાળામાં ઘટે પરંતુ તેનાથી સાચો વિકાસ શક્ય થતો નથી. સેકટરવાઈઝ બધા જ સ્તરે ઉત્પાદન, સેવા અને વ્યાપાર નીચે જઈ રહ્યા છે તેને નક્કારી શકાય તેમ નથી. કૃષિક્ષેત્રમાં ખરીફ સિઝનનાં પરિણામો અતિ વર્ષાથી વિકૃત થયા છે એટલે ખાદ્ય પદાર્થો તેલિબીયા, કઠોળ, કપાસ વગેરેમાં અનુમાનિત ઉત્પાદન મળવામાં સમસ્યા છે. જાહેર સાહસો અને જાયન્ટ પ્રાઈવેટ કંપનીઓ પણ નીચી ડિમાંડના પ્રભાવથી પીડિત છે અને તેમનાં જે ઉત્પાદનો છે તેમાં અંકુશ મૂકી રહ્યા છે તો સ્વૈ.નિ યોજનાથી કર્મચારીઓને છૂટા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં બેન્કોને ઓછી કરવા મર્જર ચાલી રહ્યું છે તે અંગે પણ ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે વ્યક્ત કર્યું છે કે સરકાર આ પ્રક્રિયામાં ધ્યાન આપે અન્યથા સમય જતા ઘણા પ્રશ્નો ઊભા થશે, તેનું કારણ એ છે કે સિસ્ટમમાં દરેક બેન્કો જુદી પડે છે, ઉપરાંત બધાની વર્કિંગ સ્ટાઈલ જુદી જ છે એટલે આંકડાકીય પરિણામો ઉપર જ ધ્યાન દેવાનું મહત્ત્વ નથી પરંતુ યોગ્ય રીતે સંકલન થવું જરૂરી છે. ભારતમાં યોગ્ય જોબની તક ઊભી કરવામાં જેમ જેમ સ્થાયી થઈ રહ્યું છે જે ચિંતાનો વિષય છે. શ્રીમંતો પણ પોતાના નાણાંકીય સંસાધનોને અન્યત્ર જઈ ઉપયોગ કરતા થયા હોય તેવું વાતાવરણ દેશ માટે અતિ ઘાતક છે. આર્થિક વિકાસમાં જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી આગળ જવું પડે પરંતુ આપણે વધતી વસ્તીની રોજીંદી સમસ્યાઓ ઉકેલવામાંથી બહાર આવતા નથી. સરકારની વેરા વસુલાતની રકમમાં કમી આવી છે!! વ્યક્તિગત કરદાતાઓ નોટબંધી બાદ વધ્યા છે પણ જીએસટીની પ્રણાલિમાં સ્ટેબલ થઈ શક્યા નથી અને વેપારીઓ પરેશાની ભોગવી રહ્યા છે.

બચત બેન્કોમાં મૂકવાના વલણમાં નકારાત્મકતા આવી છે.

તાજેતરમાં સરકારી આંકડા પ્રમાણે જે જાણવા મળ્યું તે મુજબ ૨૦૧૨-૧૩માં લોકો હાથમાં રોકડ રાખતા હતા તેની તુલનામાં ૨૦૧૬-૧૭માં વૃદ્ધિ થઈ છે. અર્થાત્ પહેલાં ૬% જેટલી રોકડ રાખવામાં આવતી હતી તે ૨૬% જેટલી થઈ હોય તેવું નોંધવામાં આવ્યું. પ્રશ્ન એ છે કે આમ શા માટે પરિવર્તન આવ્યું ? પ્રથમ બેન્કીંગ ક્ષેત્ર ઉપરનો વિશ્વાસ કમ થઈ રહ્યો છે જે રીતે નવા નવા સ્કેમ બહાર આવી રહ્યા છે બીજું બચત ઉપર મળતું વળતર/વ્યાજ સતત ઘટી રહ્યું છે. ત્રીજું વધતા જતા ખર્ચાઓના લીધે પરિવાર દીઠ બચતો પણ નીચે ગઈ છે. ચોથું બેન્ક સિવાયના વિકલ્પોમાં મૂળ રકમ ડૂબી જવાના ભયસ્થાનો પુષ્કળ છે. જેથી નાણાંકીય સાધનો વપરાયા વિનાના રહે છે. જે લોકો વિપુલ પ્રમાણમાં કમાઈ રહ્યા છે તે નાણા વાપરતા ભય અનુભવે છે એટલે સ્થિતિ મુંઝવણ ભરી જ જોવા મળે છે. ખોટ કરતા જાહેર સાહસોની સમીક્ષા કરી પુર્નગઠન કરવામાં આવે તો આ એકમો ફાયદાકારક જ છે તેમ છતાં તેમને સંકેલી લેવાતી તો અસ્તિત્વમાં રહેલી રોજગારી લુપ્ત થઈ જાય છે. સરકાર સામે પડકારો અપરંપાર છે તેમ છતાં આંતરિક આર્થિક વિકાસ ઉપર ઠોસ પગલાં ભરવાનો આ સમય છે. રામ મંદિર બને એ સારી બાબત છે. અંતર આત્મામાં એ રામ સદા બિરાજે એ ખેવના લેવાય તો ભ્રષ્ટાચારની ઉપર લગામ આવી જ જાય ! ઈશ્વર આસ્થાનો વિષય છે માટે તેના અહેસાસથી હકારાત્મક વિશ્વ માણસ ઊભું કરી શકે છે. કર્મ અને ધર્મમાં પવિત્રતા હોય તો તારે છે નહીંતર કર્મનો કાનૂન તો કામ કરે જ છે. બધા પરિવારો તમાચો મારી સુંદરતા બનાવી રાખે એ અંતે પીડા જ કરે.

**શેર આસ્વાદ :**

**રાસ્તે મેં લૂંટ લેતી હૈ યે દુનિયા અકસર ઉન્હે**
**જિન્હે ખુદકી કિમત કા અંદાજા નહીં હોતા**